
ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૭.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૫૩ ટકા

# ઘ-૨ થી ગ-૨ માર્ગ પર બાઈક ડીવાઈડરને ટકરાતા યુવાનનું મોત





ગાંધીનગર, તા.૪

શહેરના ઘ-૨ થી ગ-૨ તરફના માર્ગ પરથી પસાર થઈ રહેલું બાઈક ડીવાઈડર સાથે ટકરાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ગઈ મોડી સાંજે બનેલી આ ઘટનામાં બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળ પર જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલિસને ઘટનાની જાણ થતા મૃતદેહ પી.એમ. કરાવી અકસ્માત અંગે ગુનો દાખલ કરી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

ધોળાકુવાના ઠાકોર વાસમાં રહેતા મિતેષ ગંગાપ્રસાદ કનોજીયા અને બબલુ કનોજીયા તેના બાઈક પર જેજી ૧૮ એ.પી. ૧૨૨૭ શહેરના ગ-૨ થી ઘ-૨ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. બબલુ બાઈક ચલાવી રહ્યો હતો. પુરઝડપે નીકળેલા બબલુથી બાઈક ડીવાઈડર સાથે જોરથી ટકરાઈ જતા ગઈ મોડી સાંજે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં બબલુને માથે ગંભીર ઈજાઓ થતા સ્થળ પર જ તેનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે પાછળ બેઠેલા મિતેષને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. સેકટર-૭ પોલિસને ઘટનાની જાણ થતા પીએસઆઈ એસ.ડી. કાળા તેમની ટીમ સાથે સ્થળ પર પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડુંગળી-ટામેટાના ભાવમાં ધરખમ વધારો

ગાંધીનગર, તા.૪

શહેરના શાકમાર્કેટમાં છેલ્લા ઘણા સમયથી ગરીબોની કહેવાતી કસ્તુરીનો ભાવ આસમાનને આંબવા લાગ્યો છે. થોડા મહિના અગાઉ કિલોના રૂ.૨૦ ના ભાવે વેચાણ થતી ડુંગળી અત્યારે હાલના સમયે કિલોના રૂ.૬૦ થઈ ગયા છે. તો બીજી તરફ ડુંગળીની સાથે લાલ લાલ ટામેટાનો ભાવ પણ કિલોના રૂ.૬૦ છે. શિયાળામાં અન્ય શાકભાજી નજીવા ભાવે વેચાઈ રહી છે ત્યારે ડુંગળી અને ટામેટાના ભાવ સાંભળીને ગૃહિણીઓની આંખમાં આસું આવી જાય છે.



સમગ્ર રાજયમાં છેલ્લા ઘણા સમયથી ડુંગળી અને ટામેટાનો ભાવમાં તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. માલના ઓછા વાવેતરને પગલે બજારમાં ખપ કરતા ઓછો માલ આવતો હોવાથી બજારમાં ડુંગળી અને ટામેટાના ભાવ આસમાનને આંબે છે. નાસિકમાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન થાય છે, જયારે રાજયના સૌરાષ્ટ્ર તેમજ અન્ય વિસ્તારોમાં પણ ડુંગળીનું ઉત્પાદન થાય છે. ગાંધીનગર શહેરમાં રોજના ૪૦૦ કટ્ટા ડુંગળીનો વપરાશ છે. જેની સામે અત્યારે હાલ ૧૫૦થી ૨૦૦ કટ્ટા ડુંગળી આવે છે. જેને પરિણામે ગરીબોની ગણાતી કસ્તુરીનો ભાવ વધી જાય છે. જયારે નાસિક તરફથી આવતી ડુંગળીની આવકમાં ઘટાડો થયો છે. સૌરાષ્ટ્ર તરફ પણ જોઈએ તેટલું ઉત્પાદન ન હોવાથી માલની અછત વર્તાઈ રહી છે જેથી ડુંગળીના ભાવ ઉતરવાનું નામ લેતા નથી. તો બીજી તરફ લાલ ટામેટાના ભાવમાં પણ ચિંતાજનક રીતે વધારો થયો છે. થોડાક સમય પહેલા કિલોના રૂ.૨૦ ના ભાવે વેચાતા ટામેટા હાલ રૂ.૬૦થી ૭૦ ના ભાવે વેચાય છે. ટામેટા તેમજ ડુંગળીનો ભાવ વધવાને પગલે હોટલ-રેસ્ટોરન્ટના સલાડમાંથી પણ ગાયબ થઈ ગઈ છે. વેપારીઓના મતે ટુંક સમયમાં જ નવો માલ આવતાની સાથે જ ભાવ નીચા આવશે. પરંતુ હાલની સ્થિતિએ ડુંગળી અને ટામેટાના ભાવ સાંભળતાની સાથે જ નાગરીકોની આંખમાં આસુ આવી જાય છે. જયારે બીજા શાકભાજીના ભાવ સામાન્ય થઈ જતા ગૃહિણીઓએ હાશકારો અનુભવ્યો છે.

## વાતવાતમાં

● શિયાળાની ઠંડીનો પ્રારંભ થતા શહેરના ખાણીપીણી બજારમાં તેજી જોવા મળી રહી છે. ઘ-૫ નજીકની ફુડ કોર્ટના ખાણીપીણીના વેપારીઓ દ્વારા શિયાળુ સ્પેશિયલ વાનગીઓ જેવી કે હળદળિયું, સરસોંનું શાક, તુવેર ટોઠા વગેરે બનાવવાનું ચાલુ કરી નિયમિત ગ્રાહકોને જાણ કરવા માંડી છે.

● શહેરના મુકિતધામ સ્મશાન ખાતે સોમવારે અંતિમ ક્રિયા માટે આવેલા મૃતદેહોનો આંકડો આઠ પર પહોંચ્યો હતો. આ આંકડામાં મોટા ભાગના મૃતકો વરિષ્ઠ વયના હોવાથી શિયાળાની ઠંડીના કારણે આંક વધ્યો હોય તેવું જણાઈ રહ્યું છે.

● સિવિલ હોસ્પિટલ સંકુલના માર્ગ નં. ૩ તરફના ગેટ સામે બે સ્કૂટર સવારો સામ સામે અથડાયા હતા. જેમાં બંનેને ઈજાઓ થવા પામી હતી. બંને ચાલકોને જુસિકાની એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલમાં લઈ જઈ સારવાર અપાઈ હતી.

● શહેરમાં ચૂંટણી પ્રચાર સેકટરે સેકટરે પૂરજોશમાં થઈ રહ્યો છે ત્યારે ઘણી જગ્યાએ મોટી સંખ્યામાં ટોળાં જોવા મળવા સાથે આંતરિક રોડ પર થોડીક વાર માટે ટ્રાફિક જામ થયો હતો.

# ચુંટણીમાં ફરજ પરના અધિકારી-કર્મચારીઓને સિવિલમાં નિઃશુલ્ક સેવા

ગાંધીનગર, તા.૪

સમગ્ર ગુજરાતમાં અત્યારે હાલ ચુંટણીનો માહોલ જામ્યો છે. રાજયની ચુંટણી બે તબક્કામાં યોજાવાની છે. પ્રથમ તબક્કા માટે મતદાનની તા.૯ અને બીજા તબક્કા માટે મતદાનની તા.૧૪ ડિસેમ્બર યોજાવાની છે ત્યારે ચુંટણીમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ નિષ્પક્ષ રીતે ચુંટણી યોજાય એ માટે જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા વહીવટી અધિકારી -કર્મચારીઓ, પોલીસ વિભાગના અધિકારી-કર્મચારીઓ સહિત પેરા મીલીટ્રી દળોને કામગીરી સોંપી દેવાઈ છે. ચુંટણી પક્ષના આદેશ મુજબ જિલ્લામાં ચુંટણી કામગીરીમાં ફરજ પર રહેલા અધિકારી-કર્મચારીઓને જિલ્લાની સરકારી સિવિલ હોસ્પિટલોમાં આરોગ્ય વિભાગ દ્વારા નિઃશુલ્ક મેડીકલ સેવાઓ આપવામાં આવશે. જયારે ખાનગી દવાખાનામાં કે હોસ્પિટલમાં કેશલેસ મેડીકલ સેવાઓ લેવા માટે જે તે અધિકારીને જિલ્લા ચુંટણી અધિકારીની પરવાનગી મેળવવી પડશે

ગુજરાત રાજયમાં પ્રથમ તબક્કામાં યોજાનાર મતદાન પ્રક્રિયાને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. બીજા ચરણની ચુંટણી તા.૧૪ ડિસેમ્બરના રોજ યોજાનાર છે. ત્યારે આ ચુંટણી પ્રક્રિયા નિષ્પક્ષ રીતે યોજાય તથા તેમા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ અત્યંત જરુરી છે. ચુંટણીને અનુલક્ષી ચુંટણી વિભાગ દ્વારા તમામ પ્રકારની કામગીરી પુરી કરી દેવાઈ છે. ગાંધીનગર જિલ્લામાં પણ બીજા ચરણમાં મતદાન યોજાશે એટલે કે તા. ૧૪ ડિસેમ્બરના રોજ વિધાનસભાની ચુંટણી યોજાનાર છે. તેમાં જિલ્લા ચુંટણી અધિકારી દ્વારા મુલ્કી અધિકારી, કર્મચારીઓ, પોલીસ તંત્રના અધિકારી-કર્મચારીઓ, સહિત પેરા મીલીટ્રીના દળોને ચુંટણીલક્ષી કામગીરી સોંપી દેવાઈ છે. આ ચુંટણીની કામગીરીમાં જિલ્લાના હજ્જારો અધિકારી-કર્મચારીઓ જોડાશે. ચુંટણીલક્ષી કામગીરીમાં લાગેલા અધિકારીઓને ચુંટણીની કામગીરી જે દિવસ સુધી સંકળાયેલ રહે તે દિવસ સુધી ચુંટણી પંચના આદેશ મુજબ સરકારી હોસ્પિટલોમાં મેડીકલ સેવાઓ, આરોગ્ય વિભાગ નિશુલ્ક આપશે. ચુંટણીની કામગીરીમાં જોતરાયેલા કર્મચારીઓને નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવા માટે જિલ્લાના ચુંટણી અધિકારીની પરવાનગી મેળવવી પડશે.





ગાંધીનગરમાં નાગરિકો સ્વાસ્થ્ય પ્રત્યે વધુ સભાન હોવા સાથે સેવા કાર્યોમાં પણ સદાય અગ્રેસર જોવા મળે છે. ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં નીકી હોસ્પિટલ દ્વારા આયોજિત બ્લડસુગર નિદાન કેમ્પ સાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં નગરજનોએ લાભ લીધો હતો.

## આવતીકાલે જયોતિ મહિલા મંડળની ડબ્બા ઉજાણી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના જયોતિ મહિલા મંડળ દ્વારા શિયાળાની ઋતુને માણવા માટે મંડળની સભ્ય મહિલાઓ તથા શહેરની અન્ય મહિલાઓ માટે 'ડબ્બા ઉજાણી'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉજાણી તા. ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે સેકટર-૨૮ના બાલોદ્યાનમાં નૌકાવિહાર સાઈટ ખાતે યોજાશે. આ ઉજાણીમાં નૌકાવિહાર સાથે વિવિધ રમત ગમતનું પણ આયોજન કરાયું હોઈ તમામ મહિલાઓને જયોતિ મહિલા મંડળના પ્રમુખ ડૉ. ચેતના બુચે આમંત્રણ પાઠવ્યું છે.

# બીએસએફનો ૫૨મો સ્થાપના દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૪

સીમા સુરક્ષા દળ-બીએસએફના ગુજરાત ફ્રન્ટિયર એકમ સલંગ્ન તમામ પ્રાદેશિક કેન્દ્ર પર તા. ૧લી ડિસેમ્બરે બીએસએફનો ૫૨મો સ્થાપના દિન ઉજવવામાં આવ્યો હતો. આ ઉજવણીમાં રમતોત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ, બાળકો માટે ચિત્રકળા સ્પર્ધા, મહિલાઓ માટે રસોઈ બનાવવાની સ્પર્ધા તથા રંગોળી સ્પર્ધા ઉપરાંત જવાનો માટે સાયકલ રેલી વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.



બીએસએફ સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત આજે ગુજરાત ફ્રન્ટિયર એકમના મહાનિર્દેશક અજયકુમાર તોમરે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૬-૧૭ માટે બીએસએફના તમામ ફ્રન્ટિયર્સમાં ગુજરાત ફ્રન્ટિયરને તાલીમ તા રમત ક્ષેત્રે ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ 'અશ્વિની ટ્રોફી' થકી સન્માનવામાં આવ્યું છે. આ સાથે તેમણે ૧૯૭૧ના ભારત-પાક યુધ્ધમાં બીએસએફના યોગદાન અંગે માહિતી આપી હતી. આ ઉપરાંત બીએસએફના જવાનોની ફિટનેસ માટે લાયન્સ ફિટનેસ કલબની સ્થાપના, સ્વચ્છ ભારત અભિયાન, નડાબેટ ખાતે સીમા દર્શન કાર્યક્રમ વગેરેની શરૂઆત કરવામાં આવી છે તે અંગે પણ માહિતી આપી હતી.

# એમ.એમ. પટેલ ઈન્સ્ટિટયુટમાં મેથેમેટિકસ અંગે બે દિવસીય સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના કડી સર્વ વિશ્વ વિદ્યાય સંલગ્ન માણેકલાલ એમ. પટેલ ઈન્સ્ટિટયુટ ઓફ સાયન્સિસ એન્ડ રીસર્ચના એમસી મેથેમેટિકસ ડિપાર્ટમેન્ટ દ્વારા બે દિવસીય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ 'હેન્ડસ ઓન એકસ્પિરીયન્સ ટુ એડવાન્સ સ્ટેટિસ્ટિકલ મેથડસ' વિષયે યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. રીતેષ પટેલ અને રોહિત લાલા જેવા તજજ્ઞોએ વિદ્યાર્તીઓને ઉપયોગી પધ્ધતિઓ શિખવાડી હતી.

આ વર્કશોપ તા. ૩૦મી નવેમ્બરથી તા. ૧લી ડિસેમ્બર દરમિયાન યોજાયો હતો. જેમાં ૬૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વર્કશોપમાં આર-લેન્ગ્વેઝ તેમજ ઓરેન્જ જેવા સ્સેટિસ્ટિકલ માધ્યમોનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઝને માહિતગાર કરવામાં આવ્યા હતા. જેના કારણે તેમને પાયાના સોફટવેરની ઉપયોગિતા અંગે જાગૃતિ આવે. આ વર્કશોપમાં યુનિવર્સિટીના મેથેમેટિકસ, ફાર્મસી અને એમ.કોમ. જેવા વિભાગોના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વર્કશોપનું ઉદઘાટન કેએસવીના ડિરેકટર ડી.ટી. કાપડિયાએ કર્યું હતું. વર્કશોપના અંતે તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.



## ચક્ષુદાન

ગાંધીનગરના સેકટર-૬-બી પ્લોટ નં. ૧૮૦/૧ ખાતે વસવાટ કરતા હેમલતાબેન રૂદ્રપ્રસાદ ઓઝા ઉ.વ. ૭૦નું દુઃખદ અવસાન તા. ૩-૧૨-૧૭ના રોજ થવા પામ્યું છે. સ્વર્ગસ્થના કુટુંબીજન રૂદ્રપ્રસાદ ઓઝાની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. મેઘા અને ડૉ. મુસ્તફા સહિત જુનિયર સિટીઝન કાઉન્સીલના કાર્યકર દિલિપ દંતાણી અને ગણપત મકવાણાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (અમદાવાદ સિવિલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય ગણપતભાઈ મકવાણાએ કર્યું હતું.

# ગૂજરાત વિદ્યાપીઠ સાદરા ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન ખો-ખો મહિલા સ્પર્ધા

ગાંધીનગર, તા.૪

ગૂજરાત વિદ્યાપીઠની શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા દ્વારા આયોજીત વેસ્ટઝોન આંતરવિશ્વવિદ્યાલય ખો-ખો મહિલા સ્પર્ધાનો ઉદઘાટન કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. ઉદઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આઈ.આઈ.ટી.ઈ. ગાંધીનગરના કુલપતિશ્રી પ્રો. શશિરંજન યાદવ, અતિથિવિશેષ તરીકે પ્રો. આર. સુબ્રમણ્યમ અને એ.આઈ.યુ. ઓબ્ઝર્વર શ્રી આર.કે. શર્મા(ભોપાલ) હાજર રહ્યા હતા. અન્ય મહેમાનો તરીકે ડૉ. ભગવાનભાઈ પટેલ, ડૉ. કનુભાઈ નાયક, ડૉ. કમલેશભાઈ પટેલ, શ્રી તેજસભાઈ ઠાકર હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન સંસ્થાના ડીન મુખ્ય આયોજન સચિવ પ્રો. જમનાદાસ સાવલિયાએ આપ્યુ હતું. સ્પર્ધાની રૂપરેખા સહઆયોજન સચિવ ડૉ. ગીતાબહેન પટેલે આપ્યું હતું. સુતરની આંટીઓથી સ્વાગત ક્રમશઃ પ્રો. જમનાદાસ સાવલિયા, ડૉ. ઉદાજી પરમાર, ડૉ. ગીતાબહેન પટેલ, ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રા, ડૉ. જગદીશચન્દ્ર ગોઠી, ડૉ. દલસંગભાઈ ચૌધરી, ડૉ. વિજયભાઈ મકવાણા, ડૉ. નિમેશભાઈ ચૌધરી અને ડૉ. અરવિંદભાઈ રામીએ કર્યું હતું. અતિથિઓને સ્મૃતિ ચિન્હ સ્વરૂપે ગાંધીજીનો ચરખો ક્રમશ પ્રો. જમનાદાસ સાવલિયાએ કુલપતિશ્રી પ્રો. શશિરંજન યાદવને, ડૉ. ઉદાજી પરમારે એ.આઈ.યુ. ઓબ્ઝર્વર શ્રી આર.કે. શર્મા-ભોપાલ અને ડૉ. ગીતાબહેન પટેલે પ્રો. આર. સુબ્રમણ્યમને આપ્યો હતો. સંસ્થાની બહેનોએ સાંસ્કૃતિક પ્રવૃતિ તરીકે ગરબાનું નિર્દર્શન કર્યુ હતું. કાર્યક્રમમાં જમનાદાસ સાવલિયાની ૩૭ વર્ષની અવિરત સેવા બદલ ગુજરાતના શા.શિ.ના અધ્યાપકોએ સન્માન સ્વરૂપે શૉલ ઓઢાડી હતી. પ્રતિજ્ઞા વાંચનની જવાબદારી ગૂજરાત વિદ્યાપીઠ ટીમની સુકાની અમિના રાઠવાએ સંભાળી હતી. વેસ્ટ ઝોન આંતરવિશ્વવિદ્યાલય ખો-ખો મહિલા સ્પર્ધા ૨૦૧૭-૧૮ની વિધિવત શુભારંભની ઘોષણા મુખ્ય મહેમાન પ્રો. શશિરંજન યાદવે કરી હતી. ઉદઘાટન કાર્યક્રમમાં આજુ-બાજુના ગામની પ્રાથમિક શાળાઓના જ્ઞાનધારા શિક્ષણ તીર્થ, સાદરા પ્રાથમિક શાળા અને મોતીપુરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપુર્વક હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. નીરજભાઈ સિલાવટ અને આભાર વિધિ સ્પર્ધાના સહ આયોજક સચિવ ડૉ. ઉદાજી પરમારે કર્યું હતું.






## ગૂજરાત વિદ્યાપીઠ ઓલ ઈન્ડિયા ખો-ખો સ્પર્ધા માટે કવોલીફાઈડ

વેસ્ટ ઝોન આંતરવિશ્વવિદ્યાલય ખો-ખો મહિલા સ્પર્ધા ૨૦૧૭-૧૮માં તા.૩૦ નવેમ્બર થી ૩ ડીસેમ્બરના રોજ થયેલી કવોલીફાઈનલ મેચમાં ગૂજરાત વિદ્યાપીઠ ગયા વર્ષની સેમીફાઈનલ વિજેતા ટીમ મહર્ષિ દયાનંદ સરસ્વતી, અજમેરને એક ઈનિંગ અને ૭-પોઈન્ટથી હરાવીને ઓલ ઈન્ડિયા ખો-ખો મહિલા સ્પર્ધા ૨૦૧૭-



૧૮ માટે કોલીફાઈડ થયું. ગૂજરાત વિદ્યાપીઠની જીતમાં તેમના કોચ ધર્મેશ પરમાર અને શૈલેશ ગામિતની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. તેમનો અથાગ પ્રયાસ, મહેનત અને લાંબા સમયથી આપેલી ટ્રેનિંગ અને કોચિંગના લીધે ગૂજરાત વિદ્યાપીઠની ટીમ ઓલ ઈન્ડિયા ખો-ખો મહિલા સ્પર્ધામાં કવોલીફાઈડ થઈ છે.

## ચિરવિદાય

- સ્વ. જીજ્ઞુ દુબ્બલ ચૌહાણ, ઉ.વ. ૫૫
- સ્વ. કિશોરભાઈ પૂજાભાઈ દેસાઈ, ઉ.વ. ૫૮
- સ્વ. યોગી વિઠ્ઠલભાઈ ધૂળાભાઈ, ઉ.વ. ૬૭
- સ્વ. શાંતાબેન શકરાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૮૫
- સ્વ. પટેલ નરસિંહભાઈ કુબેરદાસ, ઉ.વ. ૭૫
- સ્વ. નલીનીબેન ભાલચંદ્રભાઈ વચ્છરાજાની, ઉ.વ. ૭૯
- સ્વ. રાણા શિવુભા ગોબરજી, ઉ.વ. ૮૫
- સ્વ. વિજય માધવલાલ ગજ્જર, ઉ.વ. ૩૮